# 3

# જોગવાઈઓ અને અનામતો

**વિભાગ A**

**નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની સામે આપેલ ખાનામાં લખો :**

**1.** .......... નુકસાનના સંજોગોમાં પણ ઊભું કરી શકાય. [ ]

(a) અનામતો (b) જોગવાઈઓ

(c) અનામત ભંડોળ (d) અનામતો અને જોગવાઈઓ બંને

**2.** .......... ફક્ત નફાના સંજોગોમાં જ ઊભું કરી શકાય. [ ]

(a) અનામતો (b) જોગવાઈઓ

(c) અનામતો અને જોગવાઈઓ બંને (d) અનામતો અને જોગવાઈઓમાંથી એક પણ નહિ.

**3.** અનામતો અને જોગવાઈઓ ઊભા કરવાનો ક્રમ .......... છે. [ ]

(a) પ્રથમ અનામતો, ત્યાર બાદ જોગવાઈઓ (b) પ્રથમ જોગવાઈઓ, ત્યાર બાદ અનામતો

(c) બંને એક સાથે (d) કોઈ પણ ક્રમમાં

**4.** સંભવિત ખર્ચ, નુકસાન અને જવાબદારીને પહોંચી વળવા માટે .......... ઊભું કરવામાં આવે છે. [ ]

(a) અનામતો (b) જોગવાઈઓ

(c) અનામત ભંડોળ (d) અનામત અને જોગવાઈઓ બંને

**5.** .......... દ્વારા પેઢીના સાતત્યના અનુમાન અને દૂરદર્શિતાનો અમલ કરી શકાય છે. [ ]

(a) અનામતો (b) અનામત ભંડોળ

(c) જોગવાઈઓ (d) અનામત અને જોગવાઈઓ બંને

**6.** ધંધાની આર્થિક સદ્ધરતા વધારવા કે આકસ્મિક નુકસાનને પહોંચી વળવા માટે .......... ઊભું કરવામાં આવે છે. [ ]

(a) અનામતો (b) જોગવાઈઓ

(c) અનામતો અને જોગવાઈઓ બંને (d) અનામતો અને જોગવાઈઓ બંનેમાંથી કોઈ નહિ.

**7.** સામાન્ય રીતે ..........માંથી ડિવિડન્ડ વહેંચી શકાય. [ ]

(a) સામાન્ય અનામત (b) પ્રોવિડન્ટ ફંડ (c) ઘાલખાધ અનામત (d) મૂડી-અનામત

**8.** આખર સ્ટૉકનું મૂલ્યાંકન ઓછું દર્શાવીને .......... ઊભું કરી શકાય. [ ]

(a) અનામત ભંડોળ (b) વિશિષ્ટ અનામત (c) મૂડી-અનામત (d) ગુપ્ત અનામત

**9.** .......... એ ધંધાની સંકટ સમયની સાંકળ સમાન છે. [ ]

(a) વિશિષ્ટ અનામત (b) મૂડી-અનામત (c) સામાન્ય અનામત (d) ગુપ્ત અનામત

**10.** માલના ખરીદ-વેચાણ અને ધંધાની નિયમિત પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવેલ નફાને .......... કહે છે. [ ]

(a) મૂડીનફો (b) મહેસૂલી નફો (c) વિશિષ્ટ અનામત (d) ગુપ્ત નફો

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

**1.** જોગવાઈઓ કયા ખાતે ઉધારીને ઊભી કરવામાં આવે છે ?

**2.** અનામતો કયા ખાતે ઉધારીને ઊભી કરવામાં આવે છે ?

**3.** ધંધામાં ખોટ હોય તો પણ જોગવાઈ ઊભી કરી શકાય કે અનામત ઊભું કરી શકાય ?

**4.** ડિવિડન્ડ સમતુલા ભંડોળનો હેતુ જણાવો.

**5.** સિંકિંગ ફંડ એટલે શું ?

**6.** નીચેની બાકીઓ અનામત છે કે જોગવાઈ તે જણાવો :

(1) ઘસારા ભંડોળ (2) સિંકિંગ ફંડ (3) ઘાલખાધ અનામત

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો :**

**1.** જોગવાઈનો અર્થ ઉદાહરણ સાથે સમજાવી તેનાં લક્ષણો જણાવો.

2. અનામત એટલે શું ? અનામતનું મહત્ત્વ સમજાવો.

3. વિશિષ્ટ અનામત એટલે શું ? ઉદાહરણ સહિત સમજાવો.

**4.** મૂડી-અનામત એટલે શું ? તેનાં પ્રાપ્તિસ્થાનો જણાવો.

◆